

ફેશન શૉ - ગાંધીનગરના પાદરમાં નેશનલ ફેશન ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટના આંગણામાં રવિવારની સાંજે સંસ્થાની વિદ્યાર્થીનીઓ દ્વારા ફેશન-શૉ યોજાયો હતો. અવનવી અને બજારમાં આવી રહેલ કપડાંની ફેશનને રેમ્પ પર અભિવ્યક્ત કરાઈ હતી. કેટલીક અભિવ્યક્તિ સામે ગણગણાટ સંભળાતો હતો, જોકે નવી નવી ફેશનો રજૂ કરવાની કામ કરતી સંસ્થા હરહંમેશ વિવાદોથી ઘેરાયેલી જ હોય છે... દેશના ખૂણેખૂણેથી આવતી વિદ્યાર્થીનીઓની અલ્લડ શૈલીથી સ્થાનિક નગરજનો નાખૂશ પણ રહે છે.

ગાંધીનગરમાં આજકાલ કેરીના બોક્સની ગીફ્ટની બોલબાલા

રાજકીય આગેવાનો અને સચિવાલયની કચેરીઓમાં કેસર કેરીના બોક્ષ અધિકારીઓને ગીફ્ટ આપવા માટે આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૦

દિવાળીના દિવસોમાં જેમ મીઠાઈના બોક્ષની બોલબાલા સરકારી કચેરીઓ અને અધિકારીઓમાં હોય છે એમ ઉનાળાની ઋતુમાં કેરીના બોક્ષની ગીફ્ટની બોલબાલા ગાંધીનગરમાં હોય છે. તલાલા, ગીર અને કચ્છની કેસર કેરીના બોક્ષ ભરેલા વાહનો અધિકારીઓને ગીફ્ટ આપવા માટે જે છેક ગાંધીનગર આવી રહ્યા છે. સચિવાલયના ગેટની બહાર આવા કેટલાય કેરી ભરેલા વાહનો ઓફિસ અવર્સ દરમ્યાન જોવા મળી રહ્યા છે.

વહીવટીતંત્રની કચેરીઓથી લઈને સચિવાલય અને મંત્રીમંડળની કચેરીઓમાં આજકાલ કેસર કેરીની ગીફ્ટની બોલબાલા છે. દર વર્ષે ઉનાળો શરૂ થાય તે સાથે જ સરકારી અધિકારીઓ-કર્મચારીઓ શ્રેષ્ઠ ગુણવત્તાવાળી કેસર કેરીની ગીફ્ટની રાહ જુએ છે. કેરીની સિઝન હાલમાં પુરબહારમાં ચાલી રહી છે. તલાલા અને આસપાસના બજારો અને માર્કેટયાર્ડોમાં કેરીનું વેચાણ/હરાજી થઈ રહી છે. પાકના ઉતાર અને ગુણવત્તાના આધારે ભાવોમાં વધારો-ઘટાડો જોવા મળી રહ્યો છે. જો કે ગાંધીનગરના કેટલાક સરકારી-અધિકારીઓ/કર્મચારીઓને કેરીના ભાવોની કોઈ ચિંતા નથી કારણ કે તેમને આ સીઝનમાં ગીફ્ટરૂપે કેરીના બોક્ષ મળી જ જાય છે. નાના-મોટા કામ લઈને મંત્રીમંડળની કચેરીઓ, સચિવાલય અને વહીવટીતંત્રની ઓફિસોમાં આવતા માણસો, કોર્પોરેટ કંપનીઓ, કોન્ટ્રાક્ટરો તરફથી કેરીની ગીફ્ટ મળી જ જાય છે.

નાના-મોટા કામ લઈને મંત્રીમંડળની કચેરીઓ, સચિવાલય અને વહીવટીતંત્રની ઓફિસોમાં અર માણસો, કોર્પોરેટ કંપનીઓ, કોન્ટ્રાક્ટરો તરફથી કેરીની ગીફ્ટ મળી જ જાય છે. રોજબરોજ જે કર્મચારી-અધિકારીનું કામ પડતું હોય તેમને કેરીના બોક્ષ અપાઈ રહ્યા છે.

નવા સચિવાલયના મુખ્ય ગેટની પાસે અમુક વિભાગો, ઓફિસોનું સરનામુ પુછતા કેરીના બોક્ષ ભરેલા વાહનોના માણસો જોવા મળી જ જાય છે. દસ કિલો અને પાંચ કિલોના બોક્ષ ઉંચકીને સરકારી કચેરીઓની કેબીને-કેબીને અને ટેબલે-ટેબલે ફરતા માણસો જોવા મળી રહ્યા છે. નાની ટ્રક, છકડા અને રીક્ષામાં કેરીના બોક્ષ ગાંધીનગર આવી રહ્યા છે.

ઘણા ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓને તો ઉચ્ચ ગુણવત્તાવાળી હાફુસ કેરીના બોક્સની ગીફ્ટ મળી રહી છે. દિવાળી જેવો જ માહોલ આજકાલ સરકારી કચેરીઓમાં જોવા મળી રહ્યો છે.

જિલ્લાના પાંચ ગામોને મેલેરિયા અને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ

એન્ટી લાર્વેર કામગીરીના ભાગરૂપે દવાના છંટકાવ અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના પાંચ ગામોના વિસ્તારને મેલેરિયા અને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ ગણી ત્યાં એન્ટી લાર્વેલ કામગીરીના ભાગરૂપે દવાનો છંટકાવ કરવાનું અભિયાન આગામી સપ્તાહથી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કલોલ તાલુકાના ચાર અને ગાંધીનગર તાલુકાના એક ગામની પેરીફેરીનો વિસ્તાર આ છંટકાવ કામગીરી અંતર્ગત આવરી લેવામાં આવશે. જે ચાર ગામોની પસંદગી થઈ છે તે હાજીપુર અને રાંચરડા પી.એચ.સી. વિસ્તારના છે.

મળતી વિગતો પ્રમાણે મોટી ભોંયણ, વાસણા, મુલસણ અને હાજીપુરની પસંદગી દવા છંટકાવ માટે કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામની પેરીફેરીના વિસ્તારમાં વસતા શ્રમિક પરિવારોના ઘરોમાં આ દવાનો છંટકાવ કરવામાં આવશે.

આ દવા આલ્ફા સાયફર મેથ્રીનનું દ્રાવણ બનાવી છંટકાવ કરવામાં આવશે. ૧૮ હજાર થી પણ વધુ વસ્તીને આવરી લેવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ પાંચેય ગામોમાં ૨૫૦ કિલોથી પણ વધુ દવાનો છંટકાવ કરવામાં આવશે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં જે જુદી જુદી બાંધકામ સાઈટો ચાલી રહી છે ત્યાં કામ કરતા મજૂરો પૈકીના મોટાભાગના મજૂરો ઉવારસદ ગામની આસપાસના વિસ્તારમાં રહે છે. ગત વર્ષે બહારથી આવેલા મજૂરોમાં મેલેરિયાના કેસો વધુ દેખાયા હોવાથી આ વિસ્તારને આ વખતે આવરી લેવામાં આવેલ છે.

આ દવા છંટકાવ માટે જુદી જુદી ટીમો બનાવવામાં આવશે અને આ કામગીરી અંદાજે ૧૦ થી ૧૫ દિવસ સુધી ચાલશે.

શહેરના ૫૧૩ કી.મી. રોડનેટવર્ક પૈકી ૯૬ કી.મી.ના માર્ગો ઉબડ-ખાબડ

ખાસ મરામત હેઠળ જૂના સેક્ટરોના માર્ગોનું કામ પણ વિલંબમાં : ગાબડા પૂરવા તંત્રની થાગડ-થીગડ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના જૂના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનું કામ છેલ્લા એક વર્ષથી અટવાયું છે. ત્રણ મહીના પૂર્વે તંત્ર દ્વારા ખાસ મરામત હેઠળ રૂ. ૧૪ કરોડના ખર્ચના અંદાજ સાથે વિભાગને સુપ્રત કરાયેલી દરખાસ્ત પણ ધૂળ ખાય છે. બીજીતરફ સે. ૨૦ થી ૩૦ના માર્ગો ગાબડાગ્રસ્ત બનતા સેક્ટરોનું આંતરિક રોડનેટવર્ક ખાડે ગયું છે.

શહેરના મુખ્યમાર્ગો સહિત આંતરિક માર્ગોની સુધારણા પાછળ છેલ્લા એક વર્ષમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. નગરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ ઉપરાંત શહેરના અન્ય માર્ગો અને સેક્ટરોના આંતરિક રસ્તાઓનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું છે. આમ જોવા જઈએ તો શહેરમાં સ્થિત ૫૧૩ કીલોમીટરના રોડ નેટવર્ક પૈકી સે. ૨૦ થી ૩૦ ના આંતરિક માર્ગોને બાદ કરતા મોટાભાગના રસ્તાઓ ચકાચક બનાવી દેવાયા છે. અલબત્ત ૯૬ કી.મી.ના આંતરિક માર્ગોનું ૫ વર્ષના નિયત સમયગાળા બાદ પણ નવીનીકરણ હાથ ન ધરાતા જૂના સેક્ટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. માર્ગો પરના ગાબડા ઢાંકવા માટે તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે થીગડા મારી દેવાયા છે. પરંતુ છેલ્લા એક વર્ષથી સે. ૨૦થી ૩૦ના આંતરિક માર્ગોની સ્થિતિ સુધારવાનો મામલો હજુ કાગળ પર જ અટવાયેલો છે. થોડા સમય અગાઉ સે. ૨૦ થી ૩૦ ના આંતરિક માર્ગોનું કામ ખાસ મરામત હેઠળ હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જ્યારે તંત્રકક્ષાએથી રૂ. ૧૪ કરોડના ખર્ચના અંદાજ સાથે દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી છે. આમ મરામતના પ્રોજેક્ટ હેઠળ આ કામગીરીને આવરી લેવાતા નિર્ણય બાદ પણ દરખાસ્ત વિભાગકક્ષાએ ધૂળ ખાય છે. ત્યારે સેક્ટરોમાં માત્ર માર્ગો પર થાગડ-થીગડ કરી ગાબડા પુરવા તંત્ર કામે લાગ્યું છે.

આર.ટી.ઓ. કચેરી માટે ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવા વિચારણા

ગાંધીનગર, તા. ૨૦

શહેરના કોમર્શિયલ વિસ્તારો ઉપરાંત સરકારી કચેરીઓમાં પણ વાહન પાર્કિંગની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બનતી જાય છે. શહેરના 'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરીના કેમ્પસમાં ડ્રાઈવીંગ ટ્રેક તૈયાર થયા બાદ પાર્કીંગ પ્લેસની જગ્યા જાણે છીનવાઈ ગઈ છે. અલબત્ત આર.ટી.ઓ. કચેરીને અનુલક્ષી નવુ ઈકો ફ્રેન્ડલી પાર્કિંગ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરની સડકો પર પૂરપાટ દોડતા વાહનોની સંખ્યા વધતા નગરમાં જાહેર સ્થળોએ પાર્કિંગનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. વાહનોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે ત્યારે પાર્કિંગ સેન્સના ભારોભાર અભાવ વચ્ચે નજર નાંખો તો આડેધડ વાહનો ખડકાય છે. શહેરના કોમર્શિયલ વિસ્તારોમાં પણ વાહન પાર્કિંગની સમસ્યા શિરદર્દ સમાન બની છે. જ્યારે શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ પાર્કિંગ વ્યવસ્થાનો ભારોભાર અભાવ વર્તાઈ રહ્યો છે. વાહનોની નોંધણી સહીત લાઈસન્સ ઈન્સ્યુ કરવાની પ્રક્રિયા જ્યાંથી થાય છે તેવી આર.ટી.ઓ. કચેરી પણ છેલ્લા કેટલાક સમયથી પાર્કિંગની સમસ્યાએ ભરડો લીધો છે. આર.ટી.ઓ. સંકુલમાં ડ્રાઈવીંગ ટ્રેક તૈયાર થયા બાદ કેમ્પસમાં જગ્યા ઓછી થતા વાહન પાર્કિંગ માટે નવુ પ્લેસ તૈયાર કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં નજીકના સ્થળે ઈકો ફ્રેન્ડલી પાર્કિંગ બનાવવા આર.ટી.ઓ.તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવે તેવી પણ સંભાવના છે.

હાર્દિક અભિનંદન

આશિષ દવે
ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી
ગાંધીનગર મનપા

તમામ સમાજના લાડીલા તપોધન સમાજનું ગૌરવ એવા શ્રી આશિષભાઈ દવેની ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પદે વરણી થવા બદલ અમો સર્વોના હૃદયપૂર્વકના અભિનંદન સહ હાર્દિક શુભકામનાઓ...

ગાંધીનગર તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળ

નરેન્દ્ર ડી. રાવલ	રમેશચંદ્ર ઠાકર	કનુભાઈ વી. રાવલ
જયંતિભાઈ રાવલ	બિપીનભાઈ રાવલ	સુરેશ એસ. રાવલ
પુષ્કરભાઈ રાવલ	હર્ષદ એન. રાવલ	ચંદ્રકાંત જી. રાવલ
દેવેન્દ્ર ડી. રાવલ	દિલિપી એ. રાવલ	મહેશ સી. રાવલ
વિષ્ણુભાઈ રાવલ	જગદીશ એસ. રાવલ	ડો. ભાલચંદ્ર રાવલ
જગદીશ જી. વોરા	પ્રવિણ એન. રાવલ	હરેશ કે. ઠાકર
રામુભાઈ રાવલ	વિનોદ જી. ભટ્ટ	શ્રીમતી પ્રવિણાબેન જે. વોરા
મુકેશ જે. રાવલ	રોહિત રાવલ	શ્રીમતી કપિલાબેન એન. રાવલ
અમૃતલાલ રાવલ	વિજય આર. રાવલ	બાલકૃષ્ણ જોષી
અરવિંદ એન. સેવક	પ્રકાશ કે. ઠાકર	રાજુભાઈ દિક્ષિત
ચંદુલાલ રાવલ	મનુભાઈ એસ. રાવલ	

- **બિપીન રાવલ** શાંતિનિકેતન સ્કૂલ, સે.૨૯ ગુરૂકૃપા હોસ્ટેલ, સે.૧૩
- **ઉમંગ રાવલ**
- **કપિલા એન. રાવલ** મહેશ્વરી ફુડ એન્ડ બેકરી, સે.૨૨
- **રામચંદ્ર ભટ્ટ** ઈન્ફોસીટી કલર વર્લ્ડ
- **મનોજ બી. રાવલ** હોટલ પિંકી, સે.૧૬
- **રોહિત રાવલ** ટ્રસ્ટીશ્રી, સ્કૂલ ઓફ એચિવર
- **તુષાર મહેન્દ્રભાઈ રાવલ** ગાયત્રી ડેકોરેટર્સ, સે.૨૮ કળશ પાર્ટી પ્લોટ, પેથાપુર
- **ડો. મિલન એન. રાવલ**-B.H.M.S.
- **ડો. નિરવ આર. ઠાકર**-B.H.M.S.
- **ડો. નિકીતા એચ. રાવલ**-B.D.S.
- **પ્રકાશ વી. રાવલ** - Dy.Sp.
- **ચિંતન રાવલ**-ચટકાઝ DC ફુડ, ઈન્ફો.
- **ભાવિક રાવલ** રાવલ ગ્રૂપ ટ્યુશન, સે.૨૨
- **નરેન્દ્ર ડી. રાવલ** - પ્રમુખ (તપોધન બ્રાહ્મણ મહાસભા - ૯૯૨૫૮ ૧૦૧૫૯)

ઉચ્ચશિક્ષણની વિવિધ શાખાઓમાંમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગુજકેટનું પરિણામ જાહેર થતાં જ વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની માહિતી એકત્ર કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૦

ધો. ૧૨ સાયન્સ પછીના જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ થઈ ચુક્યો છે. પ્રવેશ માટે લેવાતી પરીક્ષાઓની તારીખ જાહેર થઈ ચુકી છે અને વિદ્યાર્થીઓમાં તેમાં શ્રેષ્ઠ દેખાવ માટેની તનતોડ તૈયારી કરી રહ્યા છે. આજે ગુજકેટનું પરિણામ જાહેર થયા બાદ પ્રવેશ પ્રક્રિયાને વેગ મળ્યો છે.

ધો. ૧૨ સાયન્સની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ અને વાલીઓ આજકાલ જુદી જુદી શાખાઓમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયામાં જોતરાઈ ગયેલા નજરે પડી રહ્યા છે. ઓનલાઈન ફોર્મ ભરવાથી લઈને પ્રવેશ પરીક્ષાની તૈયારીમાં વિદ્યાર્થીઓ ગળાડૂબ છે. કઈ શાખામાં પ્રવેશ લેવો, કટ ઓફ માર્કસની શુ સ્થિતિ છે, ક્યાં ફોર્મ ભરાઈ રહ્યા છે જેવી ચર્ચાઓ જ્યાં ત્યાં થઈ રહી છે. ડિગ્રી એન્જિનિયરીંગની અંદાજે ૬૩ હજારથી વધુ બેઠકો પર પ્રવેશ મેળવવા માટે ૭૮ જેટલી નેશનલ બેંકોમાં ફોર્મ અને બુકલેટનુ વિતરણ શરૂ કરાયું છે. વિદ્યાર્થીઓએ આ બુકલેટનો અભ્યાસ કર્યા બાદ ૨૨મીથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ માટે જુદા જુદા વિસ્તારમાં હેલ્પલાઈન ઉપરાંત વિદ્યાર્થીઓને ફોન દ્વારા માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. હાલમાં પ્રવેશ સમિતિની વેબસાઈટ પર પ્રવેશના નિયમો સહિત કઈ તારીખથી ક્યાં સુધી ફોર્મનું વિતરણ થશે અને પરત લેવાશે તેની તમામ વિગતો મુકી દેવાઈ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને બુકલેટ અને પ્રવેશપત્રનો વિગતે અભ્યાસ કરી શાંતચિત્તે ફોર્મ ભરવા જણાવાયું છે. જેથી કરીને પ્રવેશ ફોર્મ ભરવામાં ભૂલ ન થાય અને વિદ્યાર્થીઓ ટેન્શનમુક્ત રહી શકે.

સફળ કારકિર્દી અને ભવિષ્યના નિર્માણ માટે આ તબક્કો ખુબ જ નિર્ણાયક હોવાથી વાલીઓ પણ વિદ્યાર્થીઓની સાથે સતત મહેનત કરી રહ્યા છે. ઘણા વાલીઓએ તો પ્રવેશ પ્રક્રિયાની આ દોડધામ માટે ઓફિસોમાં રજા મુકી દીધી છે. દેશની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓની

● અનુસંધાન પાન-૭ પર

કારકિર્દી માર્ગદર્શન પુસ્તિકાઓની ભારે માંગ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને માહિતીખાતા દ્વારા બહાર પડાયેલી કારકિર્દી માર્ગદર્શન-પ્રવેશની પુસ્તિકાઓ મેળવવા વિદ્યાર્થીઓ-વાલીઓમાં ભારે ધસારો

ગાંધીનગર, તા. ૨૦

ધોરણ-૧૨ પછી જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી અતિ આવશ્યક બની જાય છે. ત્યારે હાલના આ સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પોતાની ક્ષમતા અનુરૂપ અભ્યાસક્રમ પસંદગી કરી શકે તે માટે કારકિર્દી માર્ગદર્શન પુસ્તિકાઓની માંગ બજારમાં વધી રહી છે.

ધોરણ-૧૨ પછી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે પ્રાથમિક માહિતી મેળવવા સરળતા પડે તે હેતુસર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને માહિતી ખાતા દ્વારા બહાર પડાયેલી કારકિર્દી માર્ગદર્શન પ્રવેશની પુસ્તિકા મેળવવા વિદ્યાર્થીઓ-વાલીઓમાં ભારે ધસારો જોવા મળ્યો છે. આ પુસ્તકમાં ધોરણ-૧૨ પછી શું કરવું? આર્ટસ-કોમર્સ-વિજ્ઞાન પ્રવાહના ઉચ્ચ અભ્યાસો, ક્યાં કઈ કોલેજો, પ્રવેશ કેવી રીતે મેળવવો, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા, વિવિધ ઓપન યુનિવર્સિટીના વિશિષ્ટ અભ્યાસક્રમો તથા ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોનની યોજના, શિષ્યવૃત્તિ, વિદેશમાં ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ વગેરે વિદ્યાર્થીઓને મુંઝવતા તમામ પ્રશ્નોના ઉત્તર આ પુસ્તકમાં સરળ ભાષામાં આપવામાં આવેલ છે.

પ્રવેશની મોસમ ચાલી રહી છે ત્યારે વિદ્યાર્થી અને વાલીઓને મુંઝવતા તમામ પ્રશ્નો ઉકેલ એક જ પુસ્તકમાં મળવાથી આ પુસ્તક લેવા માટે વાલીઓ-વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળેલ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા બહાર પડાયેલી પુસ્તિકા કારકિર્દીના ઉંબરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય, અમદાવાદ ખાતેથી મેળવી શકાય છે જ્યારે ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા બહાર પડાયેલી પુસ્તિકા કારકિર્દી માર્ગદર્શન માહિતી ખાતાની વડી કચેરી ઉપરાંત તમામ જિલ્લા માહિતી કચેરી ખાતેથી મળી શકશે.

જોઈએ છે

ઘરકામ માટે ભાઈ : રહેવા - જમવાની સગવડ સાથે

સંપર્ક : સવારે ૧૧ થી ૧૨ ● સાંજે ૪ થી ૭

દિવ્યાબેન રાવલ

ટે. નં. ૨૩૨૨૭૦૫૫ ● ૨૩૨૨૭૦૩૦

ઉમા સંસ્કાર તીર્થ
જોઈએ છે

ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટ સંચાલિત ઉમા સંસ્કાર તીર્થમાં સંસ્થા દ્વારા પ્રાથમિક વિભાગમાં ધો-૮નો વર્ગ શરૂ કરેલ છે. પ્રાથમિક વિભાગ માટે નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૧૦માં મળે તે રીતે નીચે જણાવેલ સરનામે અરજી કરવી. મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી

૧. અંગ્રેજી : B.A./M.A./B.Ed.
૨. ગણિત/વિજ્ઞાન : B.Sc./M.Sc./B.Ed.
૩. યોગ અને પ્રાણાયામના નિષ્ણાત - યોગવિદ્
૪. સંગીત શિક્ષક : સંગીત વિશારદ
૫. કોમ્પ્યુટરના જાણકાર : D.C.A. / P.G.D.C.A.
૬. ગૃહમાતા : ધોરણ-૧૦ પાસ

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી - મનુભાઈ કે. પટેલ

મો. : ૯૮૨૫૦ ૨૫૭૩૪

ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલા, તા.જિ. ગાંધીનગર

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા યોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com